**Prabhat, Ahmedabad, Aug 08 2012**

# મહારાજા અગ્રેસન સ્કૂલ ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૨માં વિજેતા

ટાટા કન્સલ્ટન્સી સર્વિસિઝ (ટીસીએસ) દ્વારા યોજવામાં આવતી ટીસીએસ આઈટી વિઝ ૨૦૧૨ સ્પર્ધાને અમદાવાદની વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા અભૂતપૂર્વ પ્રતિસાદ સાંપડ્યો હતો. મંગળવારે પાલડી ખાતે આવેલા રવિન્દ્રનાથ ટાગોર હોલમાં યોજાયેલી ભારતની સૌથી મોટી ઈન્ટર સ્કૂલ આઈટી ક્વિઝ સ્પર્ધામાં શહેરની વિવિધ શાળાઓના આશરે ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. તીવ્ર બુદ્ધિક્ષમતાનો ક્યાસ કાઢતા કેટલાંક પ્રશ્નો અને અત્યંત રોમાંચક બનેલી ફાઈનલમાં મહારાજા અગ્રેસન સ્કૂલનામાનસ ગુપ્તા અને યશ ગોયલ વિજેતા બન્યાં હતાં. જેમને વિજેતાની ટ્રોફી ઉપરાંત ગેલેક્સી નોટ એનાયત કરાઈ હતી. જ્યારે સંત કબીર શાળાના દિગંત બકારીઅને હર્ષિલ વૈદ્ય રનર્સ અપ રહ્યાં હતાં જેમને પણ રનર્સ અપની ટ્રોફી ઉપરાંત ગેલેક્સી નોટ એનાયત કરવામાં આવી હતી.

કાર્યક્રમના મુખ્ય અતિથી શ્રી એર માર્શલ પી કે દેસાઈ(નિવૃત્ત) પીવીએસએમ એવીએસએમ વીએસએમ અને ટીસીએસ અમદાવાદના ડિલિવરી સેન્ટર હેડ શ્રી પંકજકુમાર ગુપ્તા દ્વારા વિજેતાઓને ઈનામો એનાયત કરાયા હતાં. આ પ્રસંગે શ્રી પંકજકુમાર ગુપ્તાએ જણાવ્યું હતું કે ટીસીએસ દ્વારા અમે જ્યારે દર વર્ષે આ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરીએ છીએ ત્યારે દેશનું ભાવિ તેજસ્વી વિદ્યાર્થીઓમાં રહેલું જોઈને અમને અત્યંત ગર્વની લાગણી થાય છે. મને આશા છે કે શહેરના આપણાં આ તેજસ્વી વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય ફાઈનલમાં પણ વિજયી બની શહેરનું નામ ઉજ્જવળ બનાવશે.